### સોનગઢ હાઈવે પર કાર અડફેટે આધેડનું મોત

સોનગઢ: સોનગઢ-ઉચ્છલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર-૫૩ ઉપર દુર્ગા આર્કેટની સામે ગત તા. ૦૧/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે સોનગઢ પ્રતિમાનગર ફળિયામાં રહેતા ૬૩ વર્ષીય પ્રકાશભાઇ હિરામણભાઇ બૈસાણે રોડ ક્રોસ કરી રહ્યા હતા, તે દરમિયાન પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક અજાણ્યા ફોર વ્હિલર વાહનના ચાલકે તેમને જોરદાર ટક્કર મારતા ગંભીર ઈજા પહોંચી હતી. તેમને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે વ્યારા અને ત્યારબાદ સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બાબેનમાંથી મળેલા બીમાર આધેડનું મોત

બારડોલી: સ્થાનિક બાબેન શાકભાજી માર્કેટ વિસ્તારમાં ગત તા. ૨૯મી ઓગસ્ટના રોજ વહેલી સવારે એક અજાણ્યા ૪૬ વર્ષીય આધેડ ગંભીર બીમાર હાલતમાં મળી આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તા. ૩ જી સપ્ટેમ્બરના રોજ બપોરે તેમનું મોત નીપજ્યું હતું. બારડોલી ટાઉન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### મીરપુરમાં રિક્ષાની ટક્કરે ડાંગની પરિણીતાનું મોત

વ્યારા: વ્યારા તાલુકામાં મીરપુર ગામે તા.04-09-2026 ના રોજ સાંજે રિક્ષાચાલકે ગફલત ભરી રીતે પોતાની રીક્ષા હંકારી લાવી રસ્તાની સાઈડમાં બેસેલી ડાંગની દક્ષાબેન હીરાલાલભાઈ જોગાર ( ઉં .વ 25,રહે., ઢોંગીઆંબા, નીચલુ ફળિયું, તા. સુબીર)ને અડફટે લેતાં ગંભીર ઇજાઓ થતાં વ્યારા રેફરલ હોસ્પિટલ બાદ જનક સ્મારક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. વ્યારા પોલીસે રિક્ષા ( નં. GJ 05 AY 8922) ના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### કુરિયર ફ્રેન્ચાઇઝી આપવાનાં બહાને 2.4 લાખની ઠગાઈ

વ્યારા: ઉકાઈ તાલુકામાં ગુણસદામાં કેસરીનંદન સોસાયટીમાં રહેતા કૈલાશભાઈ વિઠ્ઠલભાઈ કુલમાળી ( ઉં.વ.45, ધંધો-મજૂરી)ને કુરિયર કંપનીની ફ્રેન્ચાઇઝી લેવાનાં ચક્કરમાં 2,04,500 રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો હતો. તા.26-07-2026 થી તા.01-09-2026 દરમિયાન ઇમેલ ID franchies.onboarding@shadowfax.llc અને અજાણ્યા મોબાઈલ નંબર +91 9939756306 પરથી નિખિલ નામની વ્યક્તિએ shadowfax tecnologes LTD કુરિયર કંપનીમાં ફ્રેન્ચાઇઝી આપવાની લાલચ આપતાં ફરિયાદીએ પંજાબ નેશનલ બેન્કના બે અલગ અલગ ખાતામાંથી રૂ.2,04,500 ટ્રાન્સફર કરાવી આજદિન સુધી કુરિયર કંપનીની ફ્રેન્ચાઇઝી ન આપતાં તેમજ રૂપિયા પણ પરત ન આપતાં ફરિયાદીએ ઉકાઈ પોલીસ મથકે ફરિયાદ આપી હતી.

### જોળવામાં આધેડે એસિડ પી લેતાં મોત

પલસાણા: મૂળ ઓરિસ્સાના કોલોસરા તાલુકાના વતની અને હાલમાં પલસાણાના જોળવા ગામ ખાતે આરાધના ડ્રીમ વિભાગ-૩ના મકાન નં. ૨૬માં પરિવાર સાથે ભાડેથી રહેતા ૫૨ વર્ષીય કેદાર સુભાષ પંડાએ શુક્રવારે ઘરના બાથરૂમમાં એસિડ પી લીધું હતું. કેદારભાઈની હાલત લથડતા તેમના પુત્ર સુનિલ, પત્ની રંજીતા અને મિત્ર બબુલ દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું. પલસાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર અકસ્માત, રવિયાણાના 3નાં મોત

**એક્સપ્રેસ** હાઈવે પર અકસ્માતોની વધતી ઘટનાઓથી ચિંતા



ભરૂચ: ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના માતર ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર એક ઝડપી કારના અનિયંત્રિત થઈ જવાથી ભયાનક ધડાકાભેર અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં રવિયાણા ગામના ત્રણ લોકો કાળનો શિકાર બન્યા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અકસ્માતમાં ભોગ બનેલા તમામ લોકો રવિયાણા ગામના એક જ પરિવારના સભ્યો હતા. મૃતકોમાં બે મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પૂરપાટ ઝડપે જઈ રહેલી કારના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો, જેના કારણે કાર ડિવાઈડર સાથે અથડાઈ અને આ ભયાનક ઘટના બની.

આ ઘટનાની જાણ થતાં જ આમોદ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થાનિક નાગરિકોના સહયોગથી તમામ મૃતદેહો અને ઈજાગ્રસ્ત વ્યક્તિને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા નજીક આવેલી કરજણ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જ્યાં ઈજાગ્રસ્તની સારવાર ચાલુ છે.

નોંધનીય છે કે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર તાજેતરના સમયમાં વારંવાર ગંભીર અકસ્માતો થવાથી વાહનચાલકોમાં સલામતીને લઈને ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

# ઉંદેરો કાતરી નાંખેલા પેકેટો સેલોટેપ મારી ગ્રાહકને પધરાવતા હતા!

**આમોદની** સમની ગામે કરિયાણાની દુકનમાં એક્સપાયરી માલ વેચાતો હોવાનો આક્ષેપ

**વિડીયો** સોશિયલ મીડિયામાં વાયરલ, કાર્યવાહી કરવાની લોકમાંગ

ભરૂચ, આમોદ: આમોદના સમની ગામમાં એક કરિયાણાની દુકાનમાં માત્ર થોડા રૂપિયાના નફા ખાતર નિર્દોષ ગ્રાહકો, ખાસ કરીને નાના બાળકોના જીવન સાથે જીવલેણ રમત રમાઈ રહી હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

આ દુકાનમાં મુદતવીતી ચીજવસ્તુઓ અને બિસ્કિટના પેકેટો બિન્દાસ્ત વેચાતા હતા. સ્થાનિક રહીશ અને પૂર્વ સરપંચ ભરતભાઈ પટેલે પુરાવા સાથે દુકાનદારને રંગેહાથ ઝડપી પાડતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ. દુકાનમાં વેચાતા પેકેટોની હાલત એટલી ખરાબ હતી કે ઉંદરોએ કાતરી નાખેલા પેકેટો પર દુકાનદારે સેલોટેપ ચોંટાડીને ગ્રાહકોને આપવાનું ષડયંત્ર રચ્યું હતું.

આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે આ જ વેપારીને આશરે ત્રણ મહિના પહેલાં પણ એક્સપાયરી માલ ન વેચવા બાબતે પૂર્વ સરપંચે કડક ચેતવણી આપી હતી. તેમ છતાં, આ કાળો કારોબાર બેરોકટોક ચાલુ રાખવામાં આવ્યો હતો. જ્યારે સ્થાનિકોએ આ અંગે દુકાનદારને ઘેર્યો ત્યારે તેણે કોઈ પસ્તાવા વિના ‘ભૂલથી રહી ગયું’ જેવા ખોખલા બહાના બનાવીને મામલો ઢાંકી પાડવાનો પ્રયાસ કર્યો. જાગૃત નાગરિકોએ દુકાનદારની કરતૂતનો વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરતાં જ તંત્રની નિષ્ક્રિયતા સામે પણ સવાલો ઊઠ્યા છે. ગ્રામજનોમાં ભભૂકી ઊઠેલા રોષ વચ્ચે ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે. અન્ય સ્થળોએ પણ આવી જ રીતે બગડેલા ખાદ્યપદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે અને કાર્યવાહી કરવામાં આવી

## કામરેજમાં તાપી નદીના ધોવાણ સામે રક્ષણ આપતી સુરક્ષા દીવાલનું કામ પૂર્ણ

કામરેજ: ચોમાસામાં અતિવૃષ્ટિ અને પૂરની સ્થિતિને કારણે કામરેજ તેમજ આસપાસના નદીકાંઠાના વિસ્તારોમાં ધોવાણ થયું હતું, જેના પગલે સ્થાનિક રહેવાસીઓની સુરક્ષા માટે પાળાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. ચોમાસામાં પૂરની ગંભીર સ્થિતિને ધ્યાને લઈ આરોગ્ય મંત્રી અને કામરેજના ધારાસભ્ય પ્રફુલ પાનશેરિયાએ સુરક્ષા દિવાલ માટે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. આ રજૂઆતને પગલે સિંચાઈ વિભાગ દ્વારા ત્વરિત કાર્યવાહી કરી માત્ર એક મહિના અગાઉ જ યુદ્ધના ધોરણે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આજે આ સુરક્ષા પાળાનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે, જેના કારણે નદીકાંઠાના પરિવારોને હવે મોટી રાહત મળી છે.

# સાયણ સુગરમાં મેન્ડેટ વિરોધ વચ્ચે પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

**અઢી** વર્ષ માટે પ્રમુખ કેતન પટેલ અને ઉપપ્રમુખ તરીકે જતીન પટેલની વરણી

**પોલીસે** ખેડૂત સભાસદનો પ્રવેશ નહીં આપતા સૂત્રોચ્ચાર કરાયો



જયેશ પટેલ

### દર્શન નાયકની આવનારા દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી

સાયણ સુગરના ડિરેક્ટર દર્શન નાયક ખેડૂતોના સમર્થનમાં આવી જણાવ્યું કે અમારા ખેડૂતોને અંદર જવા દેતાં નથી. ખેડૂત સભાસદ ૭૫ વર્ષથી આ સહકારી સંસ્થાના માલિક છે. આવનારા દિવસોમાં જાગૃતિના અભિયાન હેઠળ તમામ ખેડૂત ભેગા થઇને મોટી ચળવળ ચલાવાના છે. કોઈપણ સંજોગોમાં કાયદો પરિસ્થિતિ અમે બગાડવા માંગતા નથી પરંતુ ખુદ પોલીસ તંત્ર બગાડે છે, ખેડૂત પોતે માલિક હોવા છતા અંદર જવા નથી દેતાં તો હું પોતે ખેડૂત તરીકે અંદર જવાનો નથી.

સાયણ: સાયણ સુગરના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી નહીં થતાં સભાસદોએ ભાજપ મેન્ડેટનો વિરોધ નોંધાવ્યો હતો, ૪ સપ્ટેમ્બરે સાયણ સુગર ના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી માટે સુગરના સભાખંડમાં ઓલપાડ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને મીટિંગ યોજવાની હોય ત્યારે સવારે ૧૦ વાગ્યે સાયણ સુગરના ગેટ પાસે સાયણ સુગરના ડિરેક્ટર દર્શન નાયક, ડિરેક્ટર ભૂપેશ રમણલાલ પટેલ, દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ ઓરમા તથા ડો.ઘનશ્યામ સહિત મોટી સંખ્યામાં ખેડૂત સભાસદો મેન્ડેટ વિરોધને લઈ એકત્રિત થઈ ગયા હતા. પોલીસે ખેડૂત સભાસદોને સાયણ સુગર ગેટની અંદર પ્રવેશ નહીં આપતા દર્શન નાયક, રમેશભાઈ ઓરમા અને ડિરેક્ટર ભૂપેશ પટેલ સહિત સભાસદો ગેટ પાસે બેસી જય જવાન જય કિસાન, મેન્ડેટ ભગાવો સુગર બચાવોના નારા સાથે મેન્ડેટનો વિરોધ નોંધાવતા રહ્યા ત્યાં તો ધારાસભ્ય મુકેશ પટેલની આગેવાની હેઠળ એક ખાનગી પાર્ટી પ્લોટમાં ૧૬ ડિરેક્ટર સાથે ગુપ્ત મીટિંગ યોજાઇ ગઇ જ્યારે સામાન્ય મીટિંગ યોજવાની હોય એ માટે કુડસદ ઝોનમાંથી પોતાની પેનલ સાથે ચૂંટાઈને આવેલા કેતન પટેલને સાયણ સુગરના ગેટ પાસે આવતા જ ખેડૂત સભાસદોએ ઘેરી ધક્કે ચડાવતા કેતન પટેલને માંડ માડ પોલીસે ગેટની અંદર પ્રવેશ કરાવ્યો હતો. ત્યારબાદ ૧૧ વાગ્યે મંત્રી ઈશ્વરસિંહ ખાંડ ઉદ્યોગ સંઘના પ્રતિનિધિ તરીકે જ્યારે ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલ સુરત ડિ.કો.ઓ.બેંક ના પ્રતિનિધિ તરીકે મીટિંગમાં હાજર રહ્યા અને સર્વાનુમતે અઢી વર્ષ માટે સાયણ સુગરના પ્રમુખ કેતન નરોત્તમભાઈ પટેલ અને જતીન અશ્વિનભાઈ પટેલની ઉપપ્રમુખ તરીકે વરણી કરવામા આવી હતી.

### કેતન પટેલે આપેલું નિવેદન કલાકોમાં જ પલટાયું

સાયણ સુગરના પ્રમુખ બન્યા બાદ સાયણ સુગરના ગેટ પાસે ધક્કે ચડાવવા બાબતે પ્રશ્ન કરતાં કેતન પટેલે જણાવ્યું કે સભાસદોની એક જ માંગણી હતી કે આ ગેટ કેમ બંધ કરાવ્યો અને પોલીસને કેમ બોલાવવામાં આવી. જે મારા હાથમાં ન હતું. આજથી પોલીસ કેમ્પસમાં આવે તો જવાબદારી મારે સ્વીકારી પડશે, આજે કંઈ થયું છે તે ખરેખર લોકશાહી માટે બરાબર નથી. સભાસદોની લાગણી ન દુભાય અને જે કોઈ પગલાં લેવામાં આવ્યાં એ બદલ દિલગીરી વ્યક્ત કરું છું. મને કોઈ મેન્ડેટ મળ્યો નથી મને મારા સભાસદોએ મેન્ડેટ આપેલો હતો. ચૂંટાયેલા ડિરેક્ટરોએ સર્વાનુમતે મારી વરણી કરી એમાં મેન્ડેટનો પ્રશ્ન આવતો જ નથી. થોડા જ કલાકોમાં કેતન પટેલે સ્વીકાર્યું કે ભાજપના જિલ્લા મહામંત્રી રોહિતભાઈ અને અંકુરભાઈ દેસાઈ હાજર રહ્યા અને પાર્ટીના પ્રદેશમાંથી આવેલો મેન્ટેડ વાંચી સંભળાવ્યો. હાજર રહેલા ૧૬ ડિરેક્ટરોએ મેન્ડેટનો સ્વીકાર કરીને મારી પ્રમુખ તરીકે અને જતીનભાઇને ઉપપ્રમુખ તરીકે વરણી કરી હતી.

# ઘરકંકાસથી કંટાળી સગીર તાપી નદીમાં ઝંપલાવવા પહોંચી ગયો

**કામરેજ** તાપી બ્રિજ પરથી કૂદે તે પહેલાં મહિલા પોલીસે આબાદ બચાવી લીધો

કામરેજ: કામરેજ ખાતે મુંબઈ-અમદાવાદ રોડ પર ખોલવડ-આંબોલી આવેલા તાપી નદીના બ્રિજ પરથી કૂદીને આત્મહત્યા કરવા જઈ રહેલા એક સગીરને સુરત ગ્રામ્ય જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા સમયસૂચકતા વાપરીને આબાદ રીતે બચાવી લેવામાં આવ્યો છે.

જિલ્લા ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા વુમન લોકરક્ષક પિન્કલ તખતસિંહ કામરેજ ઓફિસ ખાતે આવવા નીકળ્યા હતા. આ દરમિયાન તાપી નદીના બ્રિજ પરથી પસાર થતી વખતે તેમણે બ્રિજના મધ્ય ભાગે ફૂટપાથ પરથી એક સગીરને દીવાલ પર ચઢીને નદીના ઊંડા પાણીમાં કૂદકો મારવાની કોશિશ કરતો જોયો હતો. પરિસ્થિતિની ગંભીરતા પારખી જઈને મહિલા લોકરક્ષકે કોઈ પણ જાતના વિલંબ વગર તાત્કાલિક પોતાની એક્ટિવા ગાડી ઊભી રાખી દીધી હતી અને દોડી જઈને સગીરને પકડી નીચે ઉતારી લીધો હતો. સગીરને જિલ્લા ટ્રાફિક શાખાની ઓફિસ ખાતે લઈ ગયા હતા. ત્યાં સગીરને સાંત્વના આપીને આપઘાત કરવા પાછળનું કારણ પૂછતા જાણવા મળ્યું હતું કે, ઘરકંકાસના કારણે મનદુઃખ થવાથી તે તાપી નદીમાં કૂદીને પોતાનું જીવન ટૂંકાવવા આવ્યો હતો. પોલીસે કાઉન્સેલિંગની કાર્યવાહી માટે તેને કામરેજ પોલીસ સ્ટેશન ખાતે સોંપી દીધો છે. આ સમગ્ર પ્રશંસનીય કામગીરીમાં પીએસઆઈ આઇ. એ. સિસોદિયા, વુમન લોકરક્ષક પિન્કલ તખતસિંહ અને આઉટ સોર્સ ડ્રાઈવર અસ્ફાક મુખ્તિયાર શેખે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

# બારડોલીમાં મહારાષ્ટ્ર કતલખાને જતી ૧૯ ભેંસ ભરેલી ટ્રક ઝડપાઈ

**બેની** અટકાયત, એક વોન્ટેડ, 12.05 લાખની મતા કબજે



બારડોલી: બારડોલીના નેશનલ હાઈવે નંબર ૫૩ પર આવેલા કેદારેશ્વર મંદિર નજીક ત્રણવલ્લા બ્રિજ પાસેથી ગૌરક્ષકો અને બારડોલી ટાઉન પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી મહારાષ્ટ્રના કતલખાને લઈ જવાતી ૧૯ ભેંસ ભરેલા એક કન્ટેનરને ઝડપી પાડી બેની ધરપકડ કરી કુલ ૧૨.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

બારડોલી ટાઉન પોલીસે કન્ટેનરમાં તપાસ કરતા અંદરથી ૧૯ જેટલી બાખડી અને વસૂકી ગયેલી ભેંસો મળી આવી હતી. આ અબોલ પશુઓને ઘાસચારા કે પાણીની કોઈપણ જાતની વ્યવસ્થા વગર એકબીજાની અડોઅડ અત્યંત ક્રૂરતાપૂર્વક ટૂંકા દોરડાથી બાંધીને ઠાંસી-ઠાંસીને ભરવામાં આવ્યા હતા. પોલીસે પશુઓના વહન અંગે આધાર-પુરાવા માંગતા તેમની પાસે કોઈ અધિકૃત દસ્તાવેજો મળ્યા ન હતા. આથી પોલીસે ટ્રક ચાલક અલ્ફાસ અબ્દુલ વાઘેલા (રહે., મસ્જિદ વાસ અણરેજ, સાણંદ) અને ટ્રક માલિક શરીફ મજરહુસેન શેખ (રહે., સતલાસણ, મહેસાણા) ની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે આ પશુઓ આણંદના સામરખા ખાતે રહેતા અજર નસીમ શેખે ભરાવ્યા હતા અને તેને મહારાષ્ટ્રના માલેગાંવ કતલખાને લઈ જવા માટે જણાવ્યું હતું. પોલીસે ૧૯ ભેંસ કિંમત રૂ. ૧.૯૦ લાખ, ટ્રક કિંમત રૂ.૧૦ લાખ અને બે મોબાઈલ કિંમત રૂ.૧૫ હજાર મળી કુલ રૂ.૧૨.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ક્રૂરતાથી મુક્ત કરાવાયેલી તમામ ભેંસોને સુરક્ષિત રીતે નજીકની પાંજરાપોળમાં મોકલી આપવામાં આવી છે. પોલીસે પકડાયેલા બંને ઈસમો સામે ગુનો નોંધી, ભેંસો મોકલનાર અજર નસીમ શેખને વોન્ટેડ જાહેર કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# બાઈકચાલકને ઝોંકુ આવતા બે પટકાયા ને પાછળથી ટ્રક એક પરથી ફરી વળી

**સારંગપુર** દર્શન કરી પરત ફરતાં સમયે કોસંબા હાઈવે નજીક અકસ્માત સર્જાયો

હથોડા: સારંગપુરના દર્શન કરી પરત આવી રહેલા મિત્રોનો કોસંબા નજીક વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. બાઈકચાલકને ઝોકુ આવતા પાછળ સવાર મિત્ર રોડ પર પટકાયો અને પાછળથી ધસી આવેલી ટ્રક છાતીના ભાગે ફરી મળતા ઘટના સ્થળે મોત થયું હતું.

ઘટનાની વિગત એવી છે કે અમદાવાદના ધંધુકા ખાતે રહેતા મયુરભાઈ દિલીપભાઈ ચૌહાણ તેમના મિત્રો હર્ષદભાઈ મનાભાઈ ડોડીયા, નીતિનભાઈ વિઠ્ઠલભાઈ ચૌહાણ, સંજયભાઈ વિઠ્ઠલભાઈ ડેરવાડીયા, અને ધર્મેન્દ્ર ભાઈ જગદીશભાઈ પંડિત સાથે સાળંગપુરની યાત્રાએ અલગ અલગ મોટરસાઈકલ પર ગયા હતા અને પરત ફરતી વખતે મયુરભાઈ (નં.જીજે ઝીરો 9 ડીકે 0175) મોટરસાઈકલ ચલાવતા હતા અને પાછળ તેમનો મિત્ર હર્ષદભાઈ મનાભાઈ ડોડીયા બેઠા હતા.

કોસંબા નજીક મહુવેજ ગામની સીમમાં હાઈવે પર સવારે ચાર વાગે બાઈક ચલાવનાર મયુરભાઈને ઝોકુ આવી જતાં બન્ને રોડ પર પટકાયા હતા. અને તે જ સમયે પાછળથી ધસી આવેલી ટ્રક હર્ષદભાઈ ઉપરથી ફરી મળતા તેમનું મોત થયું હતું. બનામ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## શિયાલજ નજીક કન્ટેનરે ચાર શ્રમિકોને અડફેટે લીધા

હથોડા: શિયાલજ ગામની સીમમાં નેશનલ હાઇવે નંબર 48 પર રોડમાં પડેલા ખાડામાં મજૂરો લોખંડની જાળી ફિટિંગ કરી રહ્યા હતા ત્યારે હાઇવે પરથી પૂરપાટ ઝડપે ધસી આવેલા કન્ટેનર (નં. જીજે 12 બીએક્સ 2997) ના ચાલકે અડફેટે લેતાં નાસભાગ મચી જવા પામી હતી. કન્ટેનરની અડફેટે ચાર મજૂરને ઈજા પહોંચતા તેમને સારવાર માટે સુરત ખસેડવામાં આવ્યાં હતાં. પાલોદ પોલીસમાં મોડી સાંજે કન્ટેનરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. હાઈવે પર આવા અકસ્માતોનીં સંખ્યા વધી રહી છે ત્યારે સુરક્ષા બાબતે પણ તંત્ર દ્વારા પૂરતી કાર્યવાહી કરવાની જરૂરી છે.

# APK ફાઈલ મોકલી વૃદ્ધના ખાતામાંથી રૂ.૧.૭૪ લાખ ઉપાડી લીધા

**ગુજરાત** ગેસમાંથી બોલુ છું કહી રકમ ટ્રાન્સફર કરી લીધી

અંકલેશ્વર: ગેસ કંપનીમાંથી બોલતા હોવાનુ કહી એક અજાણ્યા શખ્સે વૃદ્ધને મોબાઈલમાં મોકલેલી APK ફાઈલ ડાઉનલોડ કરાવી બેંકના ખાતામાંથી કુલ રૂ.૧.૭૪ લાખની રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. અંકલેશ્વરમાં શિલ્પકૃતિ એપાર્ટમેન્ટમાં રહેતા ૬૫ વર્ષીય દિલીપભાઈ મનહરલાલ શાહ નિવૃત્ત છે. તા.૧ સપ્ટેમ્બરના રોજ ગુજરાત ગેસ કંપનીમાંથી બોલતો હોવાનું કહી એક અજાણ્યાનો ફોન આવ્યો હતો. મોબાઈલ નંબર ગેસ બિલ સાથે અપડેટ કરવા માટે રૂ.૧૨નો ચાર્જ ભરવાનો હોવાનું કહ્યું હતું. આ બાદ ઠગે તેમના વોટ્સએપ પર એક APK ફાઈલ મોકલી, જે ફરિયાદીએ અજાણ્યા વ્યક્તિની વાત પર વિશ્વાસ રાખી ડાઉનલોડ કરી હતી. તેમાં ગ્રાહક નંબર, નામ અને મોબાઈલ નંબરની વિગતો ભર્યા બાદ તેમના મોબાઈલમાં ઓટોમેટિક મેસેજ આવવા લાગ્યા હતા. આ દરમિયાન મોબાઈલનો એક્સેસ મેળવી તેમના RBL બેંકના નેટ બેંકિંગ ખાતામાંથી રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. બેંક ખાતું ચેક કરતાં અલગ-અલગ ચાર ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ.૧,૭૪,૦૦૦ ઉપડી ગયા હોવાનું જણાયું હતું. બનાવ અંગે ફરિયાદીએ સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવી હતી. આ અંગે અંકલેશ્વર પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ધી રાણીપુરા ગ્રુપ મલ્ટી. સોસા. લી.માં નવી કમિટીની નિમણૂક

ઝઘડિયા: ઝઘડિયાની ધી રાણીપુરા ગ્રુપ મલ્ટીપર્પઝ સોસાયટી લિમિટેડની ૬૭મી વાર્ષિક સાધારણ સભા શ્રી જગન્નાથ મહાદેવ મંદિર સંકુલમાં યોજાઈ હતી. સભામાં એજન્ડા મુજબના કામો પતાવીને આવનારા પાંચ વર્ષ માટે નવી કમિટીની નિમણૂક કરવામાં આવી છે. સર્વસંમતિએ ચેરમેન પદે સોહીલભાઈ દેસાઈ (એડવોકેટ), વાઇસ ચેરમેન પદે હર્ષદભાઈ પટેલ (ગગનભાઈ) અને સેક્રેટરી તરીકે જયેન્દ્રભાઈ પટેલની નિયુક્તિ કરવામાં આવી. જૂની કમિટી ઉપરાંત નવા ડિરેક્ટર તરીકે વિશાલભાઇ પટેલ, રાજુભાઈ વસાવા, સન્મુખભાઇ પટેલ, ભૌમિકભાઇ પટેલ, કુંજેશભાઇ પટેલ (વિરલ) અને નયનાબેન પટેલ (એડવોકેટ)ને નિયુક્તિ આપવામાં આવી હતી. સભા બાદ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (હાઉસિંગ) ભરૂચના ભાવિકાબેન પટેલનો સન્માન સમારંભ યોજાયો હતો.

### શ્રી વલવાડા વિભાગ સાર્વજનિક કેળવણી મંડળની કારોબારી સભા મળી

ભોરિયા: શ્રી વલવાડા વિભાગ સાર્વજનિક કેળવણી મંડળ વલવાડાની કારોબારી સભા પ્રતિનિધિભોરીયા સંસ્થાના પ્રમુખ સતિષભાઈ એન. પટેલના અધ્યક્ષ સ્થાને બોર્ડરૂમમાં મળી હતી. સંસ્થાના મંત્રી ઈચ્છુભાઇ પટેલનું અવસાન થતાં ખાલી પડેલી જગ્યા માટે કારોબારી સભ્ય ચંદ્રકાંતભાઈ પટેલે કમલેશભાઈ આઈ. ગામીતની દરખાસ્ત મૂકી હતી, જેને સહમંત્રી રામુભાઈ પટેલે ટેકો જાહેર કર્યો હતો. હાજર તમામ કારોબારી સભ્યઓએ કમલેશભાઈ ગામીતની સંસ્થાના મંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરી હતી.

### વાવમાં પુત્રને દવાખાને લઈ ગયા ને ઘરમાંથી રૂ.1.40ની ચોરી

કામરેજ: મૂળ રાજકોટના મોટી ખિલોરી ગામના વતની અને હાલ કામરેજના વાવ ગામ નજીક પાસોદરા જતાં રોડ પર આવેલી શરણમ રેસિડન્સીમાં રહેતા રત્નકલાકાર અશ્વિન વલ્લભભાઈ ગોધાણીના પત્ની દયાબેન પુત્ર સોમ્યને દવાખાને બતાવવા ઘર બંધ કરીને ગયા હતાં ઘરે રાત્રિએ ઘરના પહેલા માળ પરીદિવાલમાં બનાવેલા કબાટનું ખાનું તોડી રોકડા રૂ.1,40,000ની ચોરી કરી અજાણ્યા તસ્કરો નાસી છુટ્યા હતા. કામરેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### માંડવીમાં ‘ફાઉન્ડેશન’ દ્વારા શિક્ષકદિને શિક્ષકોનું સન્માન



હિતેશ પટેલ

માંડવી: માંડવીમાં શિક્ષકદિન નિમિત્તે ‘અશોક સોલંકી ફાઉન્ડેશન’ દ્વારા ‘પ્રતિભાવાન શિક્ષક સન્માન’ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. માંડવીના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર તેજસ્વી શિક્ષકોનું ગૌરવપૂર્વક બહુમાન કરાયું હતું. સમારોહમાં ભરૂચના ઇલિયાસ શેખ અને પ્રકાશભાઈ લાડ, સુરત-માંડવીના દિનેશભાઈ ચૌધરી અને ઉષાબેન વસાવા, કડોદના દીપકસિંહ સોલંકી, નવસારીના નિતલબેન શાહ તેમજ સુરતના નૂર મોહમદ અલી પટેલને શાલ, પ્રમાણપત્ર, મેડલ અને પુષ્પગુચ્છ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાપક અશોકકુમાર સોલંકી, ચેરમેન ઉર્વિક અંકલેશ્વરીયા, નગરપાલિકા પ્રમુખ અમિષાબેન રાઠોડ, ઉપપ્રમુખ પ્રવીણસિંહ અટોદરીયા, ભાજપ નગર પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ, મહામંત્રી શાલીનભાઇ શાહ, નિવૃત્ત શિક્ષક દીપકસિંહ સોલંકી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.